ફોન :–૨૫૩૮૦૫,૨૫૩૮૦૬

# નગર સેવા સદન,ભુજ

ડો.જયંત ખત્રી માર્ગ,ભુજ–કચ્છ..

નં.ભુનપા/ફાયર/ ૨૬૩૨ /૨૦.

તા.૦૪/૧૧/૨૦૨૦

5 NOV 2020

પ્રતિ,
સંચાલક શ્રી,
ગ્લોબલ વિઝન ઈન્ટરનેશનલ સ્કુલ,
માંડવી–કચ્છ.

વિષયઃ– ફાયર એન.ઓ.સી.આપવા બાબત.

સવિનહ સહ જણાવવાનું કે,આપશ્રીની આવેલ તા.૦૨/૧૧/૨૦૨૦અરજી અનુસંધાને જાત તપાસ કરતા વિવિધ જગ્યાએ ફાયર એકસ્ટીગ્યુશર/ફાયર સિસ્ટમ રાખેલા છે.જે ધ્યાને લઈ નીચે મુજબની શરતે ફાયર એન.ઓ.સી આપવામાં આવે છે.

શરતોઃ–

૧) ગુજરાત ફાયર સેફટી એકટ– ૨૦૧૩ અમલવારી ૨૦૧૬ મુજબ જોગવાહીનો અમલ કરવાનો રહેશે.

૨) ઈલેકટ્રીકલ ઉપકરણ તથા વાયરીંગ ખુલ્લા તથા લુશ રાખવાના નહી.

૩) આગ અંગે અકસ્માત,નુકશાનની તમામ જવાબદારી સંચાલકશ્રી ની રહેશે.

૪) ગેસ સીલીન્ડરનો સ્ટોક તથા જવલનશીલ પદાર્થ ટયુશન કલાસીસ/ શાળા માં રાખવુ નહી.

૫) શાળા/ટયુશન વગેરેની મંજુરી સક્ષમ સતાઅધિકારીની લેવાની રહેશે.

૬) ફાયરના સાધનો ચાલુ હાલતમાં રાખવાના રહેશે.

૭) EXIT/દરવાજામાં અવરોધ થાય તેવા માલ/સમાન રાખવો નહી.તથા EXIT સાઈન બોર્ડ મુકવા.

૮) સંબંધીત મીલકત/કલાસીસને અકસ્માત વળતર અંગે વિમો લેવાનો રહેશે.

૯) રી–ઈન્સ્પેકશન દરમયાન ઈલેકટ્રીક લુઝ વાયરીંગ જણાશે તો ત્યારેજ N.O.C. રદ કરી નાખવામાં આવશે.

૧૦) ટયુશન કલાસીસમાં ઈમરજન્સી દરમયાન ઈમરજન્સી વાહન આવી શકે તેવો પાર્કીંગ કરાવવાનનું આપની જવાબદારી રહેશે.

૧૧) આ એન.ઓ.સી.ફકત ફાયર સેફટીને ધ્યાન. લઈ આપવામાં આવે છે.જેમાં બાંધકામની મંજુરી અનિયમિતતા જણાય તો ભુજ નગરપાલિકા/ભાડા કચેરી/સરકાર શ્રી દ્વારા લેવાય નિર્ણયો સંદર્ભે સંપુર્ણ આપની જવાબદારી રહેશે.

૧૨) નેશનલ બિલ્ડીંગ કોડ ૨૦૧૬ મુજબ કલાસીસમાં વિદ્યાથીઓની સંખ્યા રાખવાની રહેશે.

૧૩) વિદ્યાથીઓને ફાયર સેફટી જાગૃતિ સંદર્ભે આપશ્રી દ્વારા ડેમોસ્ટ્રેશન અને તાલીમ આપવાની રહેશે.

૧૪) ટયુશન કલાસીસ/ શાળામાં કોઈપણ ધાર્મિક/સામાજીક/પારીવારીક ઉજવણી દરમિયાન ફાયર ક્રેકર/બલુન/સળગી શકે તેઓ મટિરીયલનો ઉપયોગ કરવો નહી.

૧૫) જયારે ભુજ નગરપાલિકાના ફાયર શાખાના કર્મચારીઓ ચેક કરવા આવે ત્યારે N.O.C. બતાવવાં આપશ્રીની જવાબદારી રહેશે જો N.O.C. બતાવવામાં નહી આવે તો N.O.C. નથી લીધી તે સમજી કાર્યવાહી માટે આપશ્રીની જવાબદારી રહેશે.

.આ એન.ઓ.સી. તા.૦૪/૧૧/૨૦૨૦ થી તા.૦૩/૧૧/૨૦૨૧ સુધી માન્ય રહેશે.ત્યારબાદ એન.ઓ.સી.રીન્યુ કરાવવાનું રહેશે. ઉપરોકત શરતોનો પાલન નહી કરવામાં આવે તો ફાયર એન.ઓ.સી. રદ ગણાશે.

PRINCIPAL
Global Vision International School
Mandvi-Kutch

FIRE & EMERGENCY SERVICE
BHUJ NAGAR PALIKA

PRINCIPAL
Global Vision International School
Mandvi-Kutch

GLOBAL VISION INTERNATIONAL SCHOOL
CHAIRMAN

ફાયર ઓફિસર
ભુજ નગરપાલિકા